# તંત્રી લેખ......

## કર્ણાટકમાં પરિવર્તન

કર્ણાટકના મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ રાજીનામું આપ્યું, જેનાથી નાયબ મુખ્યમંત્રી ડીકે શિવકુમાર તેમના અનુગામી બનવાનો માર્ગ મોકળો થયો. કર્ણાટકમાં નેતૃત્વ પરિવર્તનની ચર્ચા લાંબા સમયથી ચાલી રહી હતી, અને ઝઘડો ચાલુ હતો, પરંતુ કંઈપણ અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું ન હતું. શિવકુમારે દાવો કર્યો હતો કે ૨૦૨૩ માં સરકાર રચતી વખતે, તેઓ અને સિદ્ધારમૈયા અઢી વર્ષ માટે સત્તા સંભાળવા માટે સંમત થયા હતા, પરંતુ કોંગ્રેસ નેતૃત્વએ આ વાતની પુષ્ટિ કરી ન હતી.

ત્રણ વર્ષ પછી નેતૃત્વ પરિવર્તન સૂચવે છે કે બંને નેતાઓએ ખરેખર મુખ્યમંત્રી તરીકે વારાફરતી કરાર કર્યો હતો, અને કોંગ્રેસ હાઈકમાન્ડને આ વાતની જાણ હતી. જો એમ હોય, તો છ મહિનાનો વિલંબ કેમ થયો? આ પ્રશ્ન કોંગ્રેસ નેતૃત્વની નિષ્ફળતાને પ્રતિબિંબિત કરે છે, ખાસ કરીને રાહુલ ગાંધીની. આ બધું એટલા માટે છે કારણ કે એવું કહેવામાં આવી રહ્યું છે કે પ્રિયંકા ગાંધીએ દરમિયાનગીરી કરી ત્યારે જ નેતૃત્વ પરિવર્તન સુનિશ્ચિત થયું. જો આ સાચું હોય, તો જૂનો પ્રશ્ન ફરીથી ઉદ્ભવશેઃ રાહુલ ગાંધી સમયસર નિર્ણયો કેમ લઈ શકતા નથી? એ નોંધવું જોઈએ કે મલ્લિકાર્જુન ખડગે કોંગ્રેસ પ્રમુખ હોઈ શકે છે, પરંતુ રાહુલ ગાંધી જ પાર્ટીના મુખ્ય નિર્ણયો લે છે. રાજીનામું આપવા સંમત થયેલા સિદ્ધારમૈયાએ સ્વીકાર્યું કે તેમણે હાઈકમાન્ડના કહેવા મુજબ કર્યું, પરંતુ તેઓ રાજ્યસભામાં પ્રવેશવા તૈયાર નથી. એક રીતે, તેમણે કોંગ્રેસ નેતૃત્વને સંદેશ આપ્યો કે તેઓ સંતુષ્ટ નથી અને પોતાની મરજી મુજબ રાજ્ય રાજકારણ આગળ ધપાવશે. શિવકુમારે તેમના પગ સ્પર્શ કરીને રાજીનામા પર તેમના આશીર્વાદ માંગ્યા હોવા છતાં, એ કહેવું મુશ્કેલ છે કે શું તેમના સંબંધો સામાન્ય રહેશે અને કર્ણાટક કોંગ્રેસમાં જૂથવાદને પ્રોત્સાહન આપવામાં આવશે કે નહીં. એ વાતને અવગણવી ન જોઈએ કે અગાઉ રાજસ્થાન અને છત્તીસગઢમાં રોટેશનલ નેતૃત્વને લઈને સમાન ઝઘડા થયા હતા. રાજસ્થાનમાં, અશોક ગેહલોત અને સચિન પાયલોટ વચ્ચે અઢી વર્ષ માટે સત્તા વહેંચણીની શક્યતાને લઈને અને છત્તીસગઢમાં ભૂપેશ બઘેલ અને ટી.એસ. સિંહ દેવ વચ્ચે તણાવ ચાલુ રહ્યો. કોંગ્રેસ નેતૃત્વ આ બે રાજ્યોમાં તેના નેતાઓ વચ્ચેના વિવાદોને ઉકેલવામાં અસમર્થ રહ્યું, ન તો તે સ્પષ્ટ કરી શક્યું કે તેઓ અઢી વર્ષ માટે મુખ્યમંત્રી પદ સંભાળવા માટે કોઈ કરાર પર પહોંચ્યા છે કે નહીં. પંજાબમાં, નવજોત સિંહ સિદ્ધુને ખુશ કરવા માટે મુખ્યમંત્રી અમરિંદર સિંહને રાજીનામું આપવાની ફરજ પડી, જેના પરિણામે જૂથવાદ થયો જેના કારણે પાર્ટીની કારમી હાર થઈ. કોંગ્રેસ રાજસ્થાન અને છત્તીસગઢને પણ બચાવવામાં નિષ્ફળ રહી. કર્ણાટકમાં શું થશે તે બે વર્ષ પછી વિધાનસભાની ચૂંટણીઓ પછી જ ખબર પડશે.

# ડેઈલી માર્કેટ રિપોર્ટઃ એમસીએક્સ પર સોનાના વાયદામાં રૂ.૬૯૯, ચાંદીના વાયદામાં રૂ.૧૬૪૦ અને ક્રૂડ તેલના વાયદામાં રૂ.૨૧૦ની નરમાઈ


### કોમોડિટી વાયદાઓમાં રૂ.૨૬૭૨૩.૩૯ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૬૮૨૮૧૭.૫૮ કરોડનું ટર્નઓવરઃ સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૧૮૮૭૦.૪૮ કરોડનાં કામકાજ

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.૭૦૯૫૪૦.૯૭ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૨૬૭૨૩.૩૯ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.૬૮૨૮૧૭.૫૮ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૨૭૫૬.૩ કરોડનું થયું હતું.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૧૮૮૭૦.૪૮ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું જૂન વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૬૩૧૬ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૫૭૧૯૭ અને નીચામાં રૂ.૧૫૫૮૯૯ના સ્તરને સ્પર્શી, રૂ.૧૫૬૯૨૫ના આગલા બંધ સામે રૂ.૬૯૯ ઘટી રૂ.૧૫૬૨૨૬ના સ્તરે પહોંચ્યો હતો. ગોલ્ડ-ગિની મે વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૨૪૦ વધી રૂ.૧૨૫૭૦૦ થયો હતો. ગોલ્ડ-પેટલ મે વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૧૩ વધી રૂ.૧૫૭૦૫ થયો હતો. સોનું-મિની જૂન વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૩૩૦ ઘટી રૂ.૧૫૬૦૦૬ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-ટેન મે વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૬૬૬૪ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૫૭૯૯૯ અને નીચામાં રૂ.૧૫૬૧૯૬ના મથાળે અથડાઈ, રૂ.૧૫૬૨૪૯ના આગલા બંધ સામે રૂ.૩૬૪ વધી રૂ.૧૫૬૬૧૩ થયો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી જુલાઈ વાયદો કિલોદીઠ રૂ.૨૬૮૩૬૮ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૨૬૯૪૦૦ અને નીચામાં રૂ.૨૬૫૩૨૩ના મથાળે અથડાઈ, રૂ.૨૬૯૫૩૭ના આગલા બંધ સામે રૂ.૧૬૪૦ ઘટી રૂ.૨૬૭૮૯૭ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની જૂન વાયદો રૂ.૧૪૦૪ ઘટી રૂ.૨૭૨૩૯૯ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદી-માઈક્રો જૂન વાયદો રૂ.૧૪૯૨ ઘટી રૂ.૨૭૨૩૪૮ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓમાં રૂ. ૨૪૨૦.૧૩ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું મે વાયદો રૂ.૮.૪૫ ઘટી રૂ.૧૩૨૯.૦૫ થયો હતો. જસત મે વાયદો રૂ.૭.૪૫ ઘટી રૂ.૩૬૬ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ મે વાયદો રૂ.૨.૯ ઘટી રૂ.૩૮૮.૮૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. સીસું મે વાયદો રૂ.૧.૦૫ વધી રૂ.૨૦૫.૦૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ. ૫૨૫૩.૪૪ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી મે વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૪૯૨૪ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૪૯૩૪ અને નીચામાં રૂ.૪૮૩૦ના સ્તરને સ્પર્શી, રૂ.૬૬ ઘટી રૂ.૪૮૫૦ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ જૂન વાયદો બેરલદીઠ રૂ.૮૪૬૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૮૫૨૯ અને નીચામાં રૂ.૮૨૭૬ના સ્તરને સ્પર્શી, રૂ.૮૫૩૭ના આગલા બંધ સામે રૂ.૨૧૦ ઘટી રૂ.૮૩૨૭ થયો હતો. ક્રૂડ તેલ-મિની જૂન વાયદો રૂ.૨૧૧ ઘટી રૂ.૮૩૨૮ના સ્તરે પહોંચ્યો હતો. નેચરલ ગેસ જૂન વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૪.૧ વધી રૂ.૩૧૮ના સ્તરે પહોંચ્યો હતો. નેચરલ ગેસ-મિની જૂન વાયદો રૂ.૪.૧ વધી રૂ.૩૧૮ થયો હતો.




કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ મે વાયદો કિલોદીઠ રૂ.૯૫૯ના ભાવે ખૂલી, કોઈ ફેરફાર વગર રૂ.૯૫૯ થયો હતો. એલચી જૂન વાયદો કિલોદીઠ રૂ.૨૭૦૭ના ભાવે ખૂલી, રૂ.૨ ઘટી રૂ.૨૭૮૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ. ૧૩૩૭૧.૧૮ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ. ૫૪૯૯.૩૦ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ. ૧૭૩૪.૧૦ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ. ૩૧૭.૮૬ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ. ૪.૦૬ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ. ૩૬૦.૯૭ કરોડનાં કામકાજ થયાં હતાં.

ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ. ૨૩.૪૯ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ. ૩૩૯૧.૦૯ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ. ૧૮૩૮.૮૬ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ. ૦.૬૭ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ. ૦.૧૯ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૯૫૩૧ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૬૬૭૩૧ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૨૦૮૧૧ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૩૩૦૯૫૧ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૪૭૩૭૯ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૧૧૦૮૮ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૨૮૧૦૩ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૯૧૬૪૦ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૧૬૬૦ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૭૦૩૨ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૨૬૩૮૮ લોટના સ્તરે રહ્યો હતો.

કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ જૂન રૂ.૯૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૭૧.૪ ઘટી રૂ.૨૨૬.૫ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ જૂન રૂ.૩૨૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૩ વધી રૂ.૧૭.૮૫ના ભાવે બોલાયો હતો.

સોનું જૂન રૂ.૧૮૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૨૪.૫ વધી રૂ.૨૨૬ના ભાવે બોલાયો હતો. આ સામે ચાંદી જૂન રૂ.૩૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૪૫૪.૫ ઘટી રૂ.૨૭૭૫ના ભાવે બોલાયો હતો. તાંબું જૂન રૂ.૧૪૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧.૯૪ ઘટી રૂ.૧૫.૭૫ થયો હતો. જસત જૂન રૂ.૩૯૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૩૪ પૈસા વધી રૂ.૧ થયો હતો.

મિની કોલ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની જૂન રૂ.૮૫૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૧૧.૦૫ ઘટી રૂ.૩૭૮.૪૫ના ભાવે બોલાયો હતો. નેચરલ ગેસ-મિની જૂન રૂ.૩૨૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૩.૧૫ વધી રૂ.૧૮.૧ થયો હતો. સોનું-મિની મે રૂ.૧૬૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૫૧ ઘટી રૂ.૨૪ થયો હતો. ચાંદી-મિની જૂન રૂ.૩૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૩૧૭.૫ ઘટી રૂ.૨૭૪૫ના ભાવે બોલાયો હતો.

પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ જૂન રૂ.૮૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૫૪.૭ વધી રૂ.૨૭૪.૩ થયો હતો. જ્યારે નેચરલ ગેસ જૂન રૂ.૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૮૫ પૈસા ઘટી રૂ.૧૦.૧ થયો હતો.

સોનું જૂન રૂ.૧૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૪૦.૫ વધી રૂ.૬૧૨ થયો હતો. આ સામે ચાંદી જૂન રૂ.૨૨૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૭૧ વધી રૂ.૮૧૬.૫ થયો હતો. તાંબું જૂન રૂ.૧૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૨.૮૬ વધી રૂ.૧૨.૭૧ના ભાવે બોલાયો હતો.

મિની પુટ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની જૂન રૂ.૮૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૫૫ વધી રૂ.૨૮૦.૦૫ના ભાવે બોલાયો હતો. નેચરલ ગેસ-મિની જૂન રૂ.૩૧૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૧.૧ ઘટી રૂ.૧૭.૧ના ભાવે બોલાયો હતો. સોનું-મિની મે રૂ.૧૫૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૦૦.૫ ઘટી રૂ.૧૯૬.૫ના ભાવે બોલાયો હતો. ચાંદી-મિની જૂન રૂ.૨૨૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૩ ઘટી રૂ.૫૪૮ના ભાવે બોલાયો હતો.

# પશ્ચિમ રેલવે દ્વારા અમદાવાદ અને મુંબઈ વચ્ચે બે જોડી વિશેષ ટ્રેનોનું સંચાલન

પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની વધતી સંખ્યાને ધ્યાનમાં રાખી તેમની સુવિધા માટે વિશેષ ભાડા પર મુંબઈ અને અમદાવાદ વચ્ચે બે જોડી વિશેષ ટ્રેનો દોડાવવામાં આવશે. આ વિશેષ ટ્રેનોની વિગતો નીચે મુજબ છેઃ

૧. ટ્રેન નંબર ૦૯૦૨૧/૦૯૦૨૨ મુંબઈ સેન્ટ્રલ-અમદાવાદ-મુંબઈ સેન્ટ્રલ એસી સુપરફાસ્ટ સ્પેશિયલ

ટ્રેન નંબર ૦૯૦૨૧ મુંબઈ સેન્ટ્રલ-અમદાવાદ એસી સુપરફાસ્ટ સ્પેશિયલ ૩૧ મે, ૨૦૨૬ (રવિવાર) ના રોજ મુંબઈ સેન્ટ્રલથી ૦૬:૨૦ કલાકે પ્રસ્થાન કરશે તથા એ જ દિવસે ૧૨:૪૦ કલાકે અમદાવાદ પહોંચશે. આ જ રીતે ટ્રેન નંબર ૦૯૦૨૨ અમદાવાદ-મુંબઈ સેન્ટ્રલ એસી સુપરફાસ્ટ સ્પેશિયલ ૩૧ મે, ૨૦૨૬ (રવિવાર) ના રોજ અમદાવાદથી ૧૫:૧૦ કલાકે પ્રસ્થાન કરશે તથા ૨૧:૪૫ કલાકે મુંબઈ સેન્ટ્રલ પહોંચશે.

માર્ગમાં બંને દિશાઓમાં આ ટ્રેન બોરીવલી, વાપી, સૂરત, ભરૂચ અને વડોદરા સ્ટેશન પર રોકાશે. આ ટ્રેનમાં (શતાબ્દી રેક) એક્ઝિક્યુટિવ ચેરકાર, એસી ચેરકાર, અનુભૂતિ ક્લાસ કોચ અને એક વિસ્ટાડોમ કોચ હશે.

૨. ટ્રેન નંબર ૦૯૦૪૪/૦૯૦૪૩ અમદાવાદ-બાન્દ્રા ટર્મિનસ-વટવા સુપરફાસ્ટ સ્પેશિયલ

ટ્રેન નંબર ૦૯૦૪૪ અમદાવાદ-બાન્દ્રા ટર્મિનસ સુપરફાસ્ટ સ્પેશિયલ ૦૧ જૂન, ૨૦૨૬ (સોમવાર) ના રોજ અમદાવાદથી ૦૩:૫૦ કલાકે પ્રસ્થાન કરશે તથા ૧૨:૧૫ કલાકે બાન્દ્રા ટર્મિનસ પહોંચશે. આ જ રીતે ટ્રેન નંબર ૦૯૦૪૩ બાન્દ્રા ટર્મિનસ-વટવા સુપરફાસ્ટ સ્પેશિયલ ૦૧ જૂન, ૨૦૨૬ (સોમવાર) ના રોજ બાન્દ્રા ટર્મિનસથી ૨૩:૪૫ કલાકે પ્રસ્થાન કરશે તથા બીજા દિવસે (મંગળવાર) ના રોજ ૦૮:૦૦ કલાકે વટવા પહોંચશે.

ટ્રેન નંબર ૦૯૦૪૪ વડોદરા, ભરૂચ, સુરત, વાપી, પાલઘર અને બોરીવલી ખાતે ઉભી રહેશે અને ટ્રેન નંબર ૦૯૦૪૩ બોરીવલી, પાલઘર, વાપી, ઉધના, વડોદરા, આણંદ અને નડિયાદ સ્ટેશનો પર ઉભી રહેશે.આ ટ્રેનમાં એસી-૩ ટિયર અને સ્લીપર શ્રેણીના કોચ રહેશે.

ટ્રેન નંબર ૦૯૦૨૧/૦૯૦૨૨ અને ૦૯૦૪૪/૦૯૦૪૩ નું બુકિંગ ૩૦.૦૫.૨૦૨૬ થી બધા PRS કાઉન્ટર અને IRCTC વેબસાઈટ પર શરૂ થશે. ટ્રેનોના રોકાણ, સમય અને સંરચનાની વિગતવાર માહિતી માટે, મુસાફરો વેબસાઈટ www. en-quiry. indianrail.gov.in પર જઈને અવલોકન કરી શકે છે.

### ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ

માર્કેટયાર્ડ ખેડ-તસીયા રોડ હિંમતનગર ફોન :

ભાવ ૨૦ કીલો મુજબ - તારીખ મુજબ આવક માલ ભાવ - શુક્રવાર, ૨૯/૦૫/૨૦૨૬

| અં.નં. | આઇટમ વિગત | આવક | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|---|
| ૧ | મગફળી | ૨૫૦૮ | ૧,૧૨૫.૦૦ | ૨,૦૭૬.૦૦ |
| ૨ | એરંડા | ૪૨ | ૧,૨૫૦.૦૦ | ૧,૨૯૬.૦૦ |
| ૩ | ઘઉં | ૯૪૧ | ૪૪૦.૦૦ | ૫૪૫.૦૦ |
| ૪ | બાજરી | ૧૪૭૩ | ૪૨૫.૦૦ | ૫૨૦.૦૦ |
| ૫ | મકાઇ | ૩૬૮ | ૪૦૦.૦૦ | ૪૩૩.૦૦ |
| ૬ | ચણા ( કાબુલી ) | ૧૫ | ૧,૦૦૦.૦૦ | ૧,૩૯૫.૦૦ |
| ૭ | ચણા | ૪૫ | ૯૫૬.૦૦ | ૧,૦૭૫.૦૦ |
| ૮ | ગવાર | ૬૫ | ૯૮૧.૦૦ | ૧,૧૦૧.૦૦ |
| ૯ | સોયાબીન | ૧૦ | ૧,૦૦૦.૦૦ | ૧,૩૫૦.૦૦ |

મુનિમજી સોફ્ટવેર

# નગર રાજભાષા કાર્યાન્વયન સમિતિ, ભાવનગરની અર્ધવાર્ષિક બેઠક સંપન્ન

ગૃહ મંત્રાલયના રાજભાષા વિભાગના નિર્દેશાનુસાર નગર રાજભાષા કાર્યાન્વયન સમિતિ (નરાકાસ), ભાવનગરની અર્ધવાર્ષિક બેઠક તા. ૨૯ મે, ૨૦૨૬ (શુક્રવાર)ના રોજ મંડળ રેલ પ્રબંધક કચેરી, ભાવનગર ખાતે અધ્યક્ષ – નગર રાજભાષા કાર્યાન્વયન સમિતિ તથા મંડળ રેલ પ્રબંધક, ભાવનગર શ્રી દિનેશ વર્માની અધ્યક્ષતામાં સફળતાપૂર્વક યોજાઈ હતી.

બેઠકમાં ભાવનગર સ્થિત કેન્દ્ર સરકારના વિવિધ કચેરીઓ, બેંકો અને ઉપક્રમોના કચેરી પ્રમુખો, રાજભાષા અધિકારીઓ તેમજ પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો. બેઠક દરમિયાન સભ્ય કચેરીઓમાં રાજભાષા હિન્દીના ઉપયોગ અને પ્રગતિની વિસ્તૃત સમીક્ષા કરવામાં આવી તેમજ રાજભાષા સંબંધિત મહત્વપૂર્ણ મુદ્દાઓ પર અસરકારક અમલ સુનિશ્ચિત કરવા જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું.

આ અવસરે રાજભાષા હિન્દી સામાયિક પ્રકાશન ક્ષેત્રે ઉત્તમ કાર્ય બદલ પીએમ શ્રી કેન્દ્રીય વિદ્યાલયને "સવર્શ્રેષ્ઠ શીલ્ડ", સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયાને "ઉત્કૃષ્ટ શીલ્ડ" તથા ભારતીય જીવન વીમા નિગમ (LIC)ને "પ્રશંસનીય શીલ્ડ" આપી સન્માનિત કરવામાં આવ્યા. અધ્યક્ષશ્રીએ તમામ વિજેતા સંસ્થાઓને અભિનંદન પાઠવતાં જણાવ્યું કે અન્ય કચેરીઓ પણ તેમની પાસેથી પ્રેરણા લઈ રાજભાષા હિન્દીના પ્રચાર-પ્રસાર માટે સક્રિય યોગદાન આપશે.

શ્રી દિનેશ વર્માએ ગૃહ મંત્રાલયના રાજભાષા વિભાગ દ્વારા નક્કી કરાયેલા વાર્ષિક કાર્યક્રમના લક્ષ્યો સમયમર્યાદામાં પૂર્ણ કરવા પર ભાર મૂકતા તમામ કચેરીઓને રાજભાષા હિન્દીનો વધુમાં વધુ ઉપયોગ કરવા અપીલ કરી.

અપર મુખ્ય રાજભાષા અધિકારી તથા અપર મંડળ રેલ પ્રબંધક શ્રી ઋત્વિક શર્માએ પોતાના સંબોધનમાં કર્મચારીઓને વિવિધ પ્રોત્સાહન યોજનાઓ દ્વારા હિન્દીમાં વધુમાં વધુ કાર્ય કરવા માટે પ્રેરિત અને પ્રોત્સાહિત કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો.

બેઠકના અંતે સચિવ – નગર રાજભાષા કાર્યાન્વયન સમિતિ શ્રી રામપ્રીત મૌર્યએ અધ્યક્ષશ્રી સહિત તમામ સભ્ય કચેરીઓ અને પ્રતિનિધિઓનો સક્રિય સહકાર અને હાજરી બદલ આભાર વ્યક્ત કર્યો. કાર્યક્રમનું સફળ સંચાલન વરિષ્ઠ અનુવાદક શ્રી પરેશ બી. મજીઠિયાએ કર્યું હતું.

બેઠકમાં મુખ્યત્વે મંડળ લેખા પરીક્ષા કચેરી, ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિમિટેડ, કેન્દ્રીય વિદ્યાલય, આવકવેરા કચેરી, ભારત સંચાર નિગમ લિમિટેડ (BSNL), મુખ્ય કારખાના પ્રબંધક કચેરી, ભારતીય વિમાનપત્તન પ્રાધિકરણ, કેન્દ્રીય મીઠું અને સમુદ્રી રસાયણ સંશોધન સંસ્થા, ભારતીય જીવન વીમા નિગમ (LIC), સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા સહિત વિવિધ કેન્દ્રીય કચેરીઓ અને ઉપક્રમોના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

### માત્ર ૨૮ મિનિટમાં ક્ષતિગ્રસ્ત વાલ્વ બદલી ટ્રેનને ગંતવ્ય તરફ રવાના કરવામાં આવી

# અમદાવાદ મંડળના C&W કર્મચારીઓની સૂઝબૂઝ અને ત્વરિત કામગીરીથી એક્સપ્રેસ ટ્રેનનું કોચ ડિટેચમેન્ટ ટળ્યું

### DRM શ્રી વેદ પ્રકાશ દ્વારા રેલ કર્મચારીઓને રૂા.૫,૦૦૦ના સામૂહિક પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળના કેરેજ એન્ડ વેગન (C&W) વિભાગના કર્મચારીઓએ તા. ૨૯ મે, ૨૦૨૬ના રોજ તેમની ટેકનિકલ કુશળતા, દૂરંદેશી આયોજન અને ઉત્કૃષ્ટ સમન્વયનું પ્રદર્શન કરીને એક મોટું સંકટ ટાળી દીધું. રેલ કર્મચારીઓની સતર્કતા અને ઝડપી કાર્યવાહીથી ટ્રેન નં. ૨૨૯૫૦ દેહરાદૂન–બાંદ્રા ટર્મિનસ એક્સપ્રેસના એક કોચને ટ્રેનથી અલગ (ડિટેચ) થતો અટકાવવામાં આવ્યો અને ટ્રેનનું સુરક્ષિત તથા સુવ્યવસ્થિત સંચાલન સુનિશ્ચિત કરવામાં આવ્યું.



**ટેકનિકલ સમસ્યા શું હતી?**

તા. ૨૯ મે, ૨૦૨૬ના રોજ ઉત્તર પશ્ચિમ રેલવેના ક્ષેત્રાધિકાર હેઠળ મુસાફરી દરમિયાન ટ્રેન નં. ૨૨૯૫૦ દિલ્હી સરાય રોહિલ્લા–બાંદ્રા ટર્મિનસ એક્સપ્રેસના કોચ નં. M-2માં FIBA (Failure Indication and Brake Application) ની સ્થિતિ સર્જાઈ હતી.

આબુ રોડ સ્ટેશન પર કરવામાં આવેલી સઘન તપાસ દરમિયાન ટેકનિકલ ટીમે શોધી કાઢ્યું કે ડુપ્લેક્સ ચેક વાલ્વ ક્ષતિગ્રસ્ત થઈ ગયું હતું, જેના કારણે સતત હવાની લીકેજ થઈ રહી હતી. પરિણામે અગ્રણી ટ્રોલીના બંને એર સ્પ્રિંગ્સ ડિફ્લેટ થઈ ગયા હતા.

મુસાફરોની સુરક્ષાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપતાં ટ્રેનને C&W સ્ટાફની દેખરેખ હેઠળ ૬૦ કિમી પ્રતિ કલાકની મર્યાદિત ગતિએ આગળ ચલાવવાની મંજૂરી આપવામાં આવી હતી.

**અમદાવાદ મંડળની પૂર્વ તૈયારી**

સવારે ૦૬:૩૦ વાગ્યે અમદાવાદ કંટ્રોલ ઓફિસને જાણ કરવામાં આવી કે અમદાવાદ સ્ટેશન પર પહોંચ્યા બાદ અસરગ્રસ્ત કોચને ટ્રેનમાંથી અલગ કરવો પડી શકે છે. કોચ ડિટેચ થવાથી મુસાફરોને ભારે અસુવિધા થવાની તેમજ ટ્રેનના સંચાલનમાં નોંધપાત્ર વિલંબ થવાની શક્યતા હતી.

આ માહિતી મળતાની સાથે જ અમદાવાદ મંડળના C&W સુપરવાઈઝરો અને કર્મચારીઓ તાત્કાલિક કાર્યરત થઈ ગયા. ટીમે જરૂરી સાધનો, ફિટિંગ્સ અને વધારાના ડુપ્લેક્સ ચેક વાલ્વની વ્યવસ્થા કરી અને ટ્રેનના આગમન પહેલાં જ પ્લેટફોર્મ નં. ૭ પર સંપૂર્ણ તૈયારી સાથે તૈનાત થઈ ગઈ.

**માત્ર ૨૮ મિનિટમાં સફળ કામગીરી**

ટ્રેન તેના નિર્ધારિત સમય કરતાં ૬૨ મિનિટના વિલંબ સાથે સવારે ૦૮:૨૭ વાગ્યે અમદાવાદ સ્ટેશન પર પહોંચી હતી. ટ્રેનના આગમન સાથે જ C&Wની કુશળ ટીમે યુદ્ધના ધોરણે કામગીરી શરૂ કરી.

કર્મચારીઓએ તેમની ટેકનિકલ કુશળતાનો પરિચય આપતાં માત્ર ૨૮ મિનિટના રેકોર્ડ સમયમાં ક્ષતિગ્રસ્ત ડુપ્લેક્સ ચેક વાલ્વ બદલી નાખ્યો. પરિણામે કોચને તરત જ ફરી સેવા માટે યોગ્ય બનાવવામાં આવ્યો. ટ્રેનને કોઈ વધારાના વિલંબ વિના તથા કોચને અલગ કર્યા વગર સામાન્ય ગતિએ તેના આગળના ગંતવ્ય માટે રવાના કરવામાં આવી.

**DRM દ્વારા સામૂહિક પુરસ્કારની જાહેરાત**

અમદાવાદ મંડળના રેલ કર્મચારીઓની આ સમર્પિત કામગીરી અને ઝડપી નિર્ણય ક્ષમતાના કારણે માત્ર સંભવિત કોચ ડિટેચમેન્ટ જ ટળ્યું નહીં, પરંતુ ટ્રેનની સમયપાલનતા (Punctuality) પર પડનાર અસરને પણ ન્યૂનતમ રાખવામાં સફળતા મળી.

અમદાવાદ મંડળના મંડળ રેલ પ્રબંધક (DRM) શ્રી વેદ પ્રકાશે કર્મચારીઓની આ પ્રશંસનીય કાર્યકુશળતા, સતર્કતા અને તત્પરતાની ભરપૂર પ્રશંસા કરી છે. તેમણે આ ઉત્કૃષ્ટ કામગીરી બદલ સંબંધિત C&W ટીમને રૂા.૫,૦૦૦ના સામૂહિક પુરસ્કારની જાહેરાત કરી છે.


નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા, સંસ્થાના વિકાસલક્ષી સમાચાર, બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.

ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો

બ્યુરોચીફ : યુનુસ મેમણ (મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com

નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

એક શુભેચ્છક



PRGI NO. GUJGUJ/2016/70752 Printed, Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424. Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA
Regd.Office : B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424 Gujarat,India. Phone : (o) 7698333307 (M) 8485951747,7096333307
Email : navsarjansanskruti2016@gmail.com • navsarjansanskruti2016@yahoo.com • Website : www.navsarjansanskruti.com

# સરકારની મહત્વપૂર્ણ યોજનાઓ માટે પ્રચાર વ્યૂહરચનાઓ મજબૂત બનાવવા PIB અમદાવાદ ખાતે IMPCC બેઠક આયોજિત કરવામાં આવી

## સરકારી વિવિધ જનકલ્યાણની યોજનાઓ, નીતિઓના પ્રાચાર-પ્રસાર તેમજ તેના અંગે ગેરમાર્ગે દોરતી માહિતીને સંબોધવા મીડિયા માધ્યમોના સંકલિત પ્રયાસો પર વિશેષ ધ્યાન આપવામાં આવ્યું

### આ બેઠકમાં કેન્દ્ર અને રાજ્ય સરકાર હેઠળના વિવિધ વિભાગો અને PSUs નાં અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા

**PIB Ahmedabad**

PIB અમદાવાદ ખાતે આયોજિત IMPCC બેઠકમાં સરકારની વિવિધ જનકલ્યાણકારી યોજનાઓ અને નીતિઓના પ્રચાર-પ્રસાર માટે સંકલિત મીડિયા પ્રયાસો, ગેરમાર્ગે દોરતી માહિતીને સંબોધવા તેમજ ફ્લેગશિપ સરકારી યોજનાઓ માટે પ્રચાર વ્યૂહરચનાઓને વધુ મજબૂત બનાવવા પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો. કેન્દ્ર સરકારની વિવિધ જનકલ્યાણકારી યોજનાઓ અને નીતિઓના વ્યાપક પ્રચાર-પ્રસારને વધુ મજબૂત બનાવવા તેમજ ફેક ન્યૂઝ અને ગેરમાર્ગે દોરતી માહિતીનો અસરકારક રીતે સામનો કરવા માટે પ્રેસ ઈન્ફોર્મેશન બ્યૂરો (PIB), અમદાવાદ દ્વારા ઈન્ટર મીડિયા પબ્લિસિટી કોઓર્ડિનેશન કમિટી (IMPCC)ની





બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં કેન્દ્ર અને રાજ્ય સરકારના વિવિધ વિભાગો, જાહેર ક્ષેત્રની સંસ્થાઓ (PSUs) તેમજ અન્ય મંત્રાલયોના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. મહાનિદેશક PIB તથા IMPCCના અધ્યક્ષ શ્રી પ્રશાંત પાઠરાબેની અધ્યક્ષતામાં યોજાયેલી આ બેઠકમાં કેન્દ્ર અને રાજ્ય સરકારના વિવિધ વિભાગો, જાહેર ક્ષેત્રની સંસ્થાઓ (PSUs) તેમજ રાજ્ય સરકારના માહિતી ખાતાના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. બેઠક દરમિયાન કેન્દ્ર સરકારની ફ્લેગશિપ યોજનાઓ માટે સંચાર અને જનજાગૃતિ વ્યૂહરચનાઓને વધુ અસરકારક બનાવવા અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. વિવિધ વિભાગોના અધિકારીઓએ પ્રચાર અને જનજાગૃતિ અભિયાન દરમિયાન આવતી મુશ્કેલીઓ અંગે પણ માહિતી આપી હતી તેમજ તેના સમાધાન અંગે ચર્ચા કરવામાં આવી હતી. સરકારની જનકલ્યાણકારી યોજનાઓ, નીતિઓ તેમજ વિવિધ વિભાગોની પ્રવૃત્તિઓના પ્રચાર-પ્રસાર માટે પ્રિન્ટ, ઈલેક્ટ્રોનિક અને સોશિયલ મીડિયા સહિત વિવિધ મીડિયા માધ્યમોના સંકલિત ઉપયોગ પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો. સાથે જ ગેરમાર્ગે દોરતી માહિતીને અસરકારક રીતે પ્રતિસાદ આપવા માટે યોગ્ય અને ત્વરિત માહિતીના પ્રસારને સુનિશ્ચિત કરવા સંકલિત મીડિયા અભિગમ અપનાવવાની જરૂરિયાત પણ ઉજાગર કરવામાં આવી હતી.

# દિકરી અંદર ન આવતી, પાણી પીવુ નહી ઘરમાં ઝેરી દવા છે : મોત પહેલા દિકરીની કાળજી માટે અંતિમ ચિઠ્ઠીમાં પિતાના શબ્દોથી કાળજુ કંપી ઉઠશે

પ્રતિનિધિ,ગાંધીનગર

ગાંધીનગરના કુડાસણમાં કાળજું કંપાવી દેતી ઘટના બની છે. ૪૨ વર્ષીય ગુજરાતી યુવકે નોકરી છુટી જતા બેરોજગારીના ડર થી મોત વ્હાલુ કર્યુ હતું. જો કે મોત પહેલા ગુજરાતી યુવકે દરવાજાની બહાર દિકરી માટે લગાડેલી ચિઠ્ઠી ભાવુક કરી દે તેવી છે. જેના પર દિકરીની સુરક્ષા માટે મૃતક પિતા પાસે આવવુ નહી તેની સુચના હતી. ૫ મહિનાથી નોકરી ન જવાથી બેરોજગાર થયા હતા.




મળતી માહિતી અનુસાર મુંબઈના વતની પંકજભાઈ સુરેન્દ્રભાઈ ભણસાલી ગાંધીનગરના ઈન્ફોસીટી ખાતે આવેલ સ્ટોક માર્કેટની ઓફીસમાં નોકરી કરતા હતા. તેઓ મુંબઈના બોરીવલ્લી વિસ્તારમાં રહેતા હતા. છેલ્લા ૫ મહિનાથી તેમની નોકરી છુટી ગઈ હતી અને તેઓ બેરોજગાર હતા.

તો બીજી તરફ શેરબજારમાં મોટુ દેવુ થઈ ગયુ હતુ, આ કારણે તેઓ માનસિક તણાવમાં આવી ગયા હતા. ઉપરથી નોકરી ન હોવાથી આર્થિક સંકડામણમાં હતા. ૧૩ મે ના રોજ પંકજભાઈની પત્ની તેમની દિકરીને લઈને પિયર વેકેશન માટે ગઈ હતી. તેના બાદ ૨૨ મે ના રોજ તેમની પતિ સાથે છેલ્લા ફોન પર વાત થઈ હતી, પરંતુ ૨૨ મે બાદ થી તેમનો ફોન સતત સ્વીચ ઓફ આવતો હતો. તેમની પત્નીએ વારંવાર સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો, પણ કોઈ જવાબ મળતો ન હતો. તેથી તેમને પતિની ચિંતા સતાવતી હતી, ગઈ કાલે ૨૭ મે ના રોજ તેઓ ગાંધીનગરમાં ઘરે આવી પહોચ્યા હતા.

પત્ની ઘરે પહોચી તો ઘરનો દરવાજો ખુલ્લો હતો, તેઓએ અંદર જઈને જોયુ તો પંકજભાઈ જમીન પર મૃત હાલતમાં પડેલા હતા. આ જોઈ તેઓ હચમચી ગયા હતા અને તેમના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી. જમીન પર પતિ મૃત હાલતમાં હતા અને તેમનો ચહેરો કાળો પડી ગયો હતો. પંકજભાઈએ ઝેરી દવા પી ને આપઘાત કર્યો હતો. ચોંકાવનારી બાબત એ હતી કે પંકજભાઈના આપઘાત બાદ ૫ દિવસ સુધી તેમની લાશ ઘરમાં પડી રહી હતી. ઝેરને કારણે તેમનુ શરીર તથા ચહેરો કાળો પડી ગયો હતો. જે અત્યંત ડરામણો લાગતો હતો. આ બાદ ગાંધીનગર પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

એક પિતાએ મોતના અંતિમ ક્ષણોમાં પણ પોતાની દિકરીની કાળજી રાખી હતી, તેમને ખબર હતી કે, ઝેર પીધા બાદ તેમનો મૃતદેહ ખરાબ થવાનો છે, તેથી તેઓએ દરવાજાની બહાર દિકરી માટે એક ચેતવણી આપતી ચિઠ્ઠી ચોંટાડી દીધી હતી. જેમાં તેઓએ લખ્યુ હતુ કે દિકરી અંદર ના આવતી, પાણી પીવુ નહી, ઘરમાં ઝેરી દવા છે, માસ્ક પહેરવુ, આમ પિતાએ અંતિમ પળોમાં પણ દિકરીની ચિંતા કરી હતી. જે ભાવુક કરી દે તેવી ક્ષણ હતી.

# અરવલ્લી જિલ્લાના શામળાજી હાઈવે પર ગમખ્વાર અકસ્માત : મહિલા સીએચઓનુ મોતઃ સાથી કર્મચારી ગંભીરઃ એક વરસના બાળકે માતાની છત્રછાયા ગુમાવી

પ્રતિનિધિ,ગાંધીનગર

અરવલ્લી જિલ્લાના શામળાજી નેશનલ હાઈવે ૪૮ પર આવેલા વેણપુર નજીક જુની આરટીઓ કચેરી પાસે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. એકિટવા પર પસાર થઈ રહેલા આરોગ્ય વિભાગના બે મહિલા કર્મચારીઓને પાછળથી ટ્રકે ટકકર મારતા એક મહિલા સીએચઓનુ ઘટનાસ્થળે જ મોત નિપજયુ હતું. જયારે અન્ય મહિલા કર્મચારી ગંભીર રીતે ઈજાગ્રસ્ત બન્યા હતા. મળતી માહિતી મુજબ જાંબુડી અને પાંચમહુડી આરોગ્ય વિભાગમાં સીએચઓ તરીકે ફરજ બજાવતા પાયલબેન રાજેન્દ્રભાઈ નિનામા ઉ.વ.ઉર પોતાની એકિટવા નંબર જીજે -૩૧ બી-૧ ૦૧૧૩ લઈને પાંચમહુડી થી શામળાજી તરફ જઈ રહ્યા હતા. તેમની સાથે સાથી કર્મચારી વૈભવીબેન બાબુભાઈ ચોકસી રહે.



હિંમતનગર પણ પાછળ બેઠેલા હતા. બપોરે અંદાજે સાડા ત્રણ વાગે બંને મહિલા કર્મચારીઓ વેણપુર પાસે જુની આરટીઓ કચેરી નજીકથી પસાર થઈ રહ્યા હતા. ત્યારે રાજસ્થાન તરફથી આવી રહેલી ટ્રક નંબર આરજે ૧૪ જીઆર-૧૭૭૧ ના ચાલકે બેદરકારીપૂર્વક એકિટવાને પાછળથી ટકકર મારી હતી. અકસ્માત એટલો ગંભીર હતો કે બંને મહિલાઓને ગંભીર ઈજાઓ પહોચી હતી. સ્થાનિક લોકોની મદદથી બંનેને તાત્કાલીક સારવાર માટે શામળાજી સીવીલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જયાં સારવાર દરમિયાન પાયલબેન નિનામાનુ અડધા કલાકમાં જ મોત થયુ હતું. જયારે ગંભીર રીતે ઈજાગ્રસ્ત વૈભવીબેન ચોકસીને વધુ સારવાર માટે હિંમતનગર રીફર કરવામાં આવ્યા હતા. અકસ્માતની જાણ થતા પોલીસ ઘટનાસ્થળે પહોચી વધુ તપાસ હાથ ધરી હતી.

# મારા દિકરાને લાવી આપો, તેની માતાની હાલત જોવાતી નથીઃ વડોદરાથી ગુમ એમબીબીએસ છાત્રના પિતાની વેદના

પ્રતિનિધિ,ગાંધીનગર

વડોદરા શહેરની બરોડા મેડીકલ કોલેજમાં અભ્યાસ કરતો અને બોયઝ હોસ્ટેલમાં રહેતો ૨૧ વર્ષનો સ્ટુન્ડન્ટ ૨૭ એપ્રિલ ૨૦૨૬ થી ગુમ થઈ ગયો છે. બનાસકાંઠા જિલ્લામાં રહેતા માતા-પિતા સહિતના પરીવારજનો છેલ્લા ૧ મહિનાથી દિકરાની શોધખોળ કરી રહ્યા છે.

પરીવારજનો દિલ્હી, ઝારખંડ, હરીદ્વાર, ઋષીકેશ, વડોદરા, અમદાવાદ, ગોધરા અને રાજસ્થાનના કોટા સહિતના શહેરોમાં રઝળપાટ કરી પરંતુ હજુ સુધી દિકરાનો કોઈ પત્તો ન લાગતા પરીવારે હવે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને રજુઆત કરી છે.

બનાસકાંઠા જિલ્લાના ધાનેરા તાલુકામાં રહેતો વિદ્યાર્થી વડોદરાની બરોડા મેડીકલ કોલેજમાં ચોથા વર્ષમાં અભ્યાસ કરી રહ્યો હતો. વિદ્યાર્થી ૨૬ એપ્રિલના રોજ તેના ઘરેથી વડોદરા આવ્યો હતો. તે દિવસે તેને પિતાને ફોન કરીને કહ્યુ હતુ કે હું વડોદરા પહોચી ગયો છું, ૨૭ એપ્રિલના રોજ પણ માતાને પુત્ર સાથે છેલ્લી વાર વાત થઈ હતી. જો કે ત્યારબાદ તેનો ફોન સ્વીચ ઓફ આવી રહ્યો છે. જેના કારણે પરીવાર ચિંતિત બન્યો છે.

એકવાર પણ વિદ્યાર્થીએ મોબાઈલ ફોન ચાલુ કર્યો નથી, જેથી પોલીસને પણ તેને શોધવામાં મુશ્કેલીઓ પડી રહી છે, પરીવારજનોએ વડોદરા આવી વિદ્યાર્થીના હોસ્ટેલમાં ચેક કરતા તેના રૂમને લોક હતુ, તેને મિત્રો અને ઓળખીતાઓ પાસેથી પણ કંઈ માહિતી મળી ન હતી. વિદ્યાર્થી ૮ મા સેમેસ્ટારમાં એટીકેટી ધરાવતો હતો. જેના વિશે પરીવારને વડોદરા



કોલેજમાં આવ્યા બાદ ખબર પડી હતી, ૨૭ એપ્રિલે વડોદરાની સયાજી હોસ્પિટલ સામે આવેલા એસબીઆઈ એટીએમ પર પૈસા ઉપાડતો પણ જોવા મળ્યો હતો. ત્યારબાદ તે દિલ્હી ગયો હતો અને ૨૮ એપ્રિલના રોજ બપોરે ૨ થી ૩ વાગ્યાના ગાળામાં તે દિલ્હી રેલ્વે સ્ટેશન પર જોવા મળ્યો હતો,

જો કે દિલ્હી રેલ્વે સ્ટેશન બહારના સીસીટીવી ૩ કલાક બંધ રહ્યા હતા. જેથી તે કઈ બાજુ ગયો તે જાણી શકાયુ ન હતું. છેલ્લા કેટલાક દિવસોથી પરીવારજનો શહેરમાં વિવિધ સ્થળો મા જઈને તપાસ કરી હતી. ત્યાં રેલ્વે સ્ટેશન, બસસ્ટેશન સહિતના સ્થળોએ ચેક કર્યા પણ કોઈ પત્તો લાગ્યો નથી. વિદ્યાર્થી પાસે માત્ર ૧૭ હજાર રૂપીયા હતા. ૧ મહિનામાં તે પણ પુરા થઈ ગયા હશે, ત્યારે પરીવાર દિકરા વિશે ખુબ જ ચિંતિત છે, આ ઉપરાંત વિદ્યાર્થીની આગામી ૧ જુનના રોજ પરીક્ષા પણ છે. પરંતુ ગુમ થઈ જતા તે પરીક્ષા નહી આપી શકે, વિદ્યાર્થીના પિતાએ જણાવ્યુ હતુ કે અમે છેલ્લા ૧ મહિનાથી મારા દિકરાને શોધી રહ્યા છીએ. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને પણ રૂબરૂ મળી રજુઆત કરી હતી. મુખ્યમંત્રીએ તુરંત વડોદરા શહેર પોલીસ કમિશ્નરને ફોન કરીને સુચના આપી હતી કે આટલા દિવસથી વિદ્યાર્થી ગુમ થઈ ગયો છે. તેને શોધી લાવો, મારે રીઝલ્ટ જોઈએ,

મુખ્યમંત્રીએ અમને હૈયાધારણા આપી છે. વડોદરા પોલીસની ટીમ દિલ્હી તપાસ માટે જઈ આવી છે. અમે લોકો અનેક શહેરોમાં જઈને તપાસ કરી રહ્યા છીએ, પરંતુ મારા દિકરાનો કોઈ પત્તો મળ્યો નથી. વિદ્યાર્થીના પિતાએ વધુમાં જણાવ્યુ હતુ કે આ કેસની તપાસ વડોદરા કાઈમ બ્રાન્ચને આપવામાં આવે તો ઝડપથી મારો દિકરો મને મળી શકે, મારો દિકરો ઘરે લાવી આપો, તેની માતાની હાલત મારાથી જોવાતી નથી, અમારો પરીવાર અત્યારે ખુબ કપરી સ્થિતિમાં છે, દિકરાને બહુ શોધ્યો પણ કોઈ લીંક મળતી નથી, અમે હવે વૃંદાવન અને મથુરા જઈને પણ તેને શોધવાના છીએ.

# ગાંધીનગરના ઈન્દ્રોડા પાર્કમાં વન્ય જીવોને હીટ સ્ટ્રોકથી રક્ષણનો પ્રયાસ

(સંપૂર્ણ સમાચાર સેવા)ગાંધીનગર

સમગ્ર રાજયમાં ગ્લોબલ વોર્મિંગના કારણે વાતાવરણમાં ગરમીનો પારો સતત ઊંચકાઈ રહ્યો છે, ત્યારે અસહ્ય તાપ અને લૂ-ગરમ પવનોથી અબોલ વન્ય-જીવોના રક્ષણ માટે ગાંધીનગર સ્થિત પ્રખ્યાત ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન ખાતે વન વિભાગ દ્વારા વિશેષ આયોજન હાથ ધરવામાં આવ્યું છે.

ઈન્દ્રોડા પાર્કમાં વન્યજીવોને હીટ સ્ટ્રોકથી રક્ષણ આપવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. તેમજ જમ્બો કૂલર્સ-સ્પ્રીક્લર્સ અને ખાસ આહારની વ્યવસ્થા કરવામાં આવી છે.

'ગીર' (GEER) ફાઉન્ડેશન દ્વારા સંચાલિત ઈન્દ્રોડા પાર્ક પ્રાણી સંગ્રહાલયમાં એપ્રિલ માસથી જ વ્યવસ્થાઓ ગોઠવવામાં આવી છે, જે આગામી ચોમાસાની શરૂઆત સુધી કાર્યરત રહેશે. ઈન્દ્રોડા પાર્કમાં હાલમાં ૩ સિંહ, ૨ વાઘ, ૩ દીપડા, મીઠા પાણીના મગર, શાહુડી, દુર્લભ પક્ષીઓ અને સરીસૃપો સહિત કુલ ૬૦૦ કરતાં વધારે વન્યજીવો વસવાટ કરે છે. આ તમામ જીવોને હીટ-વેવથી સુરક્ષિત રાખવા માટે આવાસ વિસ્તારોમાં આધુનિક તેમજ કુદરતી વ્યવસ્થાઓ ગોઠવવામાં આવી છે.

જમ્બો ટેન્ટ એર કૂલર્સઃ માંસાહારી વન્યજીવોના આવાસ અને સર્પગૃહમાં કુલ ૧૫ નંગ જમ્બો એર કૂલર્સ ફિટ કરાયા છે. બપોરના આકરા તાપ દરમિયાન આ કૂલર્સ ચાલુ રાખીને તાપમાન નિયંત્રિત કરાય છે. સર્પગૃહમાં આ વ્યવસ્થાના લીધે ત્યાં આવતા મુલાકાતીઓને પણ અસહ્ય ગરમી સામે રાહત મળે છે.

# ૩૧ મે થી ૧૫ જુલાઈ સુધી દર રવિવાર અને બુધવારે ગાંધીગ્રામ - પ્રયાગરાજ જંક્શન વચ્ચે દોડશે દ્વિ-સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેન

યાત્રિયોની માંગ અને સુવિધાને ધ્યાનમાં રાખીને પશ્ચિમ રેલવે દ્વારા ભાવનગર મંડળમાંથી એક મહત્વપૂર્ણ વધારાની રેલ સેવા ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે. ગાંધીગ્રામ અને પ્રયાગરાજ જંક્શન વચ્ચે વિશેષ ભાડા પર દ્વિ-સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેન ચલાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.




વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક, ભાવનગર મંડળ શ્રી અતુલ કુમાર ત્રિપાઠી અનુસાર, આ વિશેષ ટ્રેનનું સંચાલન નીચે મુજબ રહેશે—

ટ્રેન નંબર ૦૪૧૧૨ ગાંધીગ્રામ – પ્રયાગરાજ જંક્શન દ્વિ-સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેન ૩૧ મે, ૨૦૨૬ થી ૧૫ જુલાઈ, ૨૦૨૬ સુધી દર રવિવાર અને બુધવારે ગાંધીગ્રામથી સાંજે ૧૭:૨૦ વાગ્યે પ્રસ્થાન કરશે અને બીજા દિવસે રાત્રે ૨૦:૦૦ વાગ્યે પ્રયાગરાજ જંક્શન પહોંચશે.

ટ્રેન નંબર ૦૪૧૧૧ પ્રયાગરાજ જંક્શન – ગાંધીગ્રામ દ્વિ-સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેન ૩૦ મે, ૨૦૨૬ થી ૧૪ જુલાઈ, ૨૦૨૬ સુધી દર શનિવાર અને મંગળવારે પ્રયાગરાજ જંક્શનથી સાંજે ૧૬:૧૫ વાગ્યે પ્રસ્થાન કરશે અને બીજા દિવસે બપોરે ૧૫:૩૦ વાગ્યે ગાંધીગ્રામ પહોંચશે.

બંને દિશામાં આ ટ્રેન નીચે મુજબના સ્ટેશનો પર રોકાશે— ચાંદખેડા રોડ, મહેસાણા જંક્શન, પાલનપુર જંક્શન, આબુ રોડ, સુમેરપુર જવાઈ બાંધ, ફાલના, મારવાડ જંક્શન, બ્યાવર, અજમેર જંક્શન, કિશનગઢ, જયપુર, ગાંધીનગર જયપુર, બાંદીકુઈ, ભરતપુર, ઈદગાહ, ટૂંડલા જંક્શન, ઈટાવા જંક્શન, ગોવિંદપુરી અને ફતેહપુર.

આ વિશેષ ટ્રેનમાં દ્વિતીય શ્રેણી સામાન્ય (GS), શયનયાન (Sleeper) અને થર્ડ એસી (3rd AC) શ્રેણીના કોચ ઉપલબ્ધ રહેશે.

ટ્રેન નંબર ૦૪૧૧૨ માટે ટિકિટ બુકિંગ ૩૦ મે, ૨૦૨૬ (શનિવાર) થી તમામ યાત્રી આરક્ષણ કેન્દ્રો તેમજ IRCTC ની વેબસાઈટ પર શરૂ થશે.

યાત્રિયોને વિનંતી છે કે ટ્રેનના સમય, રોકાણ અને રચના સંબંધિત વિગતવાર માહિતી માટે www. enquiry. indianrail. gov.in વેબસાઈટની મુલાકાત લેવી.

# અમદાવાદમાં રીક્ષા ભાડામાં ઝીંકાયો તોતીંગ વધારોઃ મીનીમમ ભાડુ રૂ.૩૦ અને કિલોમીટર દીઠ રૂ.૨૦ કરાયું

પ્રતિનિધિ,ગાંધીનગર

અમદાવાદ સહિત સમગ્ર ગુજરાતના રીક્ષા મુસાફરો માટે ખિસ્સા હળવા કરનારા મોટા સમાચાર આવ્યા છે.



સીએનજી ગેસના ભાવમાં સતત થઈ રહેલા વધારા અને સરકારના ઉદાસીન વલણથી કંટાળીને રીક્ષાચાલક એસોસીએશને જાતે જ રીક્ષા ભાડામાં તોતીંગ વધારો ઝીંકી દીધો છે. હવેથી પ્રથમ ૧૨૦૦ મીટર એટલે કે મીનીમમ ભાડા માટે પેસેન્જરોએ રૂપીયા ૨૦ ના બદલે હવે રૂપીયા ૧૦ ના વધારા સાથે સીધા રૂપીયા ૩૦ ચુકવવા પડશે. આ સિવાય મીનીમમ અંતર પત્યા પછી પ્રતિ કિલોમીટરના રૂપીયા ૧૫ ના બદલે હવે રૂપીયા ૫ ના વધારા સાથે હવે નવો દર રૂપીયા ૨૦ નકકી કરવામાં આવ્યો છે.

રીક્ષાચાલકોના ભાડાની સમિક્ષા કરવા માટે ટ્રાન્સપોર્ટ કમિશ્નરના વડપણ હેઠળ રેટ રીવ્યુ કમિટીની રચના કરાયેલી છે. આ કમિટીએ છેલ્લે વર્ષ ૨૦૨૨ માં બેઠક કરી હતી. નિયમ મુજબ દર વરસે બેઠક યોજાવી જોઈતી હતી. પરંતુ સીએનજીના ભાવ સતત વધવા છતાં સરકારે સત્તાવાર ભાડુ વધાર્યુ નથી, એસોસીએશનના પ્રતિનિધિ રાજ શીર્કે જણાવ્યુ હતુ કે જુના ભાડામાં ઘર ચલાવવુ કે રીક્ષાનુ મેન્ટેનન્સ કાઢવુ અશકય બનતા ના છુટકે અમારે આ નિર્ણય લેવો પડયો છે. તો બીજી તરફ વાહન વ્યવહાર કમિશ્નર ડો. રાજેન્દ્રકુમારે જણાવ્યુ હતુ કે તેઓ ૧૦ દિવસની રજા પર હોવાથી આ મામલે કંઈ કહી શકશે નહી,

રીક્ષાના આ મનસ્વી ભાડા વધારા વચ્ચે અમદાવાદના સામાન્ય મુસાફરો માટે સરકારી પરીવહન સેવાઓ હજુ પણ ઘણી સસ્તી અને રાહતદાયક સાબિત થઈ રહી છે. માત્ર રૂપીયા ૪૫ ની ટીકીટ લઈને મુસાફરો સવારે ૬ વાગ્યાથી રાત્રે ૧૧ વાગ્યા સુધી આખો દિવસ ગમે ત્યાં મુસાફરી કરી શકે છે. આ સિવાય ૧૨ વરસના બાળકો માટે રૂપીયા ૧૦ અને મહિલાઓ માટે રૂપીયા ૨૦ નુ આખો દિવસનુ ભાડુ એમટીએસ દ્વારા નકકી કરાયુ છે. તો બીજી તરફ બીઆરટીએસ બસ સર્વિસ ૦ થી ૩ કિ.મી. સુધીનુ મીનીમમ ભાડુ માત્ર રૂપીયા ૫ છે. તો બીજી તરફ અમદાવાદ મેટ્રોમાં ૧૮ કિ.મી. સુધીની લાંબી મુસાફરી માટે મહત્તમ ભાડુ માત્ર રૂપીયા ૨૫ જ લેવાય છે.

# રાજકોટમાં કોંગ્રેસે નવા મેયરને મેલોડી ખવડાવી પાઠવ્યા અભિનંદન, સાથે જ સાંઢીયા પુલ મુદ્દે જનતાનો અવાજ ઉઠાવ્યો

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ



રાજકોટ મહાનગરપાલિકાના ૨૩ મા મેયર તરીકે પદભાર સંભાળતાની સાથે જ નેહલ શુકલ ને અદભુત અને રાજકીય ગરમાવો લાવે તેવી રીતે અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

કોંગ્રેસના અગ્રણી રણજીત મુંધવા સહિતના નેતાઓ દ્વારા નવનિયુકત મેયર નેહલભાઈને મેલોડી ચોકલેટ ખવડાવીને શુભેચ્છા પાઠવવામાં આવી હતી. જો કે આ માત્ર ઔપચારીક મુલાકાત ન હતી. પરંતુ કોંગ્રેસે મોં મીઠું કરાવવાની સાથે સાથે રાજકોટની જનતા વતી શહેરના સળગતા પ્રશ્નો અંગે નવા પદાધિકારીઓ સમક્ષ ઉગ્ર રજુઆત પણ કરી હતી. કોંગ્રેસ અગ્રણી રણજીત મુંધવાએ આ તકે સત્તાધારી ભાજપ પક્ષ પર આકરા પ્રહારો કરતા જણાવ્યુ હતુ કે એકતરફ દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઈંધણ બચાવવા માટે આહવાન કરી રહ્યા છે.

તો બીજી તરફ રાજકોટમાં તૈયાર થઈ ગયેલો સાંઢીયા પુલ ઘણા સમયથી લોકો માટે ખુલ્લો મુકવામાં નથી આવી રહ્યો. આ પુલ બંધ હોવાના કારણે સ્થાનિક જનતાને રોજે રોજ ૧.૫ કિ.મી. જેટલો લાંબો આંટો મારવો પડે છે અને રેલ્વે ફાટકની ગંભીર હેરાનગતિનો સામનો કરવો પડી રહ્યો છે.

કોંગ્રેસે પ્રજાના આ અવાજને વાચા આપતા મેયર સમક્ષ તાત્કાલીક ધોરણે આ પુલ જનતા માટે ખુલ્લો મુકવા માંગ કરી હતી.

આ ઉપરાંત વોર્ડ નં. ૭ માં આવેલા ગામના ઐતિહાસિક મહાદેવ મંદિરના જીર્ણોદ્ધાર નો મુદ્દો પણ ઉઠાવવામાં આવ્યો હતો. કોંગ્રેસના નેતાઓએ આક્ષેપ કર્યો હતો કે વર્ષ ૨૦૧૬ થી આ મંદિરનુ નવીનીકરણ કરવાની મોટી મોટી વાતો કરવામાં આવી રહી છે. પરંતુ વાસ્તવિક પરિસ્થિતિ હજુ પણ ઠેરની ઠેર જ જોવા મળી રહી છે. આ અનોખી શુભેચ્છા મુલાકાતમાં કોંગ્રેસના સ્થાનિક અગ્રણીઓ અને કોર્પોરેટરો સહિત આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# પ્રેમ સંબંધના મામલે મધરાતે જીવલેણ હુમલો કરવાના ઈરાદે ટોળું ત્રાટક્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)જામનગર

જામનગર જિલ્લાના કાલાવડ તાલુકાના સતીયા ગામમાં પ્રેમ સંબંધના મુદ્દે ભારે તણાવ અને હુમલાની ઘટના સામે આવી છે. યુવક અને યુવતી ઘરેથી સાથે જતા રહેવાના મનદુખમાં કેટલાક શખ્સો ૭ જેટલી ગાડીઓમાં ધસી આવી સતીયા ગામમાં હુલ્લડ મચાવી હુમલો કર્યો હોવાની ફરિયાદ પોલીસમાં નોંધાઈ છે.ફરિયાદી મથુરભાઈ લાલજીભાઈ માલા (આહીર)એ નોંધાવેલી ફરિયાદ મુજબ, તેમના કુટુંબી મહેશભાઈ મોહનભાઈ ગરચરને વીરવાવ ગામની ઋષિકાબેન સાથે પ્રેમ સંબંધ હતો અને બંને પોતપોતાના ઘરેથી સાથે જતા રહ્યા હતા. આ મુદ્દે સમાજના આગેવાનો વચ્ચે બેઠક યોજાઈ હતી, જ્યાં ચર્ચા દરમિયાન બોલાચાલી અને ઝપાઝપી સર્જાઈ હતી.

ફરિયાદ મુજબ, બાદમાં રાત્રિના સમયે આરોપી ભરતભાઈ કરણાભાઈ ઝાપડાએ ફોન કરી ધમકી આપી હતી કે "અમે લોકો ગામમાં આવીએ છીએ, તૈયાર રહેજો." ત્યારબાદ મધરાત્રિએ સફેદ બ્રેઝા, વેન, સ્કોર્પિયો, બોલેરો, આઈ-ટ્વેન્ટી અને સ્વિફ્ટ સહિતની સાત જેટલી ગાડીઓમાં આશરે પંદરથી વીસ લોકો લોખંડના પાઈપ અને લાકડાના ધોકા સાથે ગામમાં ઘૂસી આવ્યા હતા. ટોળાએ ગામમાં બેફામ ગાળો બોલી લોકોના ઘરના દરવાજા ખખડાવ્યા હતા અને લોકોને બહાર નીકળવા ધમકાવ્યા હતા. થોડા સમય બાદ ટોળું ફરી પરત આવ્યું હતું. દરમિયાન ફરિયાદીની બહેન કુંજલબેને ગાળો બોલવાની ના પાડતા આરોપી ભરતભાઈ ઝાપડાએ લોખંડના પાઈપથી હુમલો કરવાનો પ્રયાસ કર્યો હતો. બચવા જતા પાઈપ કપાળ ઉપર વાગતા તેણીને ગંભીર ઈજા પહોંચી હતી અને લોહીલુહાણ હાલતમાં સારવાર માટે પ્રથમ કાલાવડ સરકારી દવાખાને અને ત્યારબાદ જામનગરની જી.જી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી હતી.

# નેતાઓ અને પોલીસ અધિકારીઓ સાથે ફોટા પડાવીને સસ્તી પ્રસિધ્ધિ મેળવનારાઓથી સાવધાન!

## જન્મદિન કે અન્ય પ્રસંગોએ દરેક રાજયના કે કેન્દ્રના મંત્રીઓને કે ઉચ્ચ પોલીસ અધિકારીઓને મળવા જનારાઓના મોબાઈલો સદંતર બંધ કરાવવા સાથે ફોટોગ્રાફી પર પણ પ્રતિબંધ મુકવો જોઈએ

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

નાસિક, મહારાષ્ટ્રના ભોંદુરામ અશોક ખેરાતનો જાણીતો કિસ્સો છે. જેણે મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદેના પરિવારની પૂજા-વિધિ કરાવતો ફોટો વાયરલ કરી IPS અધિકારીઓથી લઈ ભલભલાને આંજી નાંખી કરોડોની મિલકતો બનાવી હતી. એવું જ કંઈક હાલમાં પણ જોવા મળી રહ્યું છે. આજે સામાન્ય કાર્યકર પછી એ કોઈપણ પાર્ટીનો કેમ ના હોય? અને જે તે પાર્ટી જ્યારે સત્તા ઉપર આવે છે ત્યારે ચૂંટાયેલા નેતાઓ કે મંત્રીઓ હોય કે રાજકીય વગ ધરાવતો પાર્ટીનો ઉચ્ચ કક્ષાનો નેતા હોય એનો જન્મદિન હોય કે અન્ય કોઈના લગ્ન પ્રસંગે કે કોઈ સામાજિક સંસ્થાના કાર્યક્રમમાં કે દિવાળી પ્રસંગે, નવાવર્ષની શુભકામના આપવા ઉપસ્થિત રહેતા મંત્રીઓ અને ઉચ્ચ કક્ષાના પોલીસ અધિકારીઓ સાથે ઘણા લોકો ફોટા પડાવી ને એક પ્રકારનો માનસિક આનંદ અનુભવતા હોય છે.

ત્યારે જેમની સાથે જે લોકો ફોટા પડાવે છે એ કોણ હોય છે? એ અંગેની કોઈ જાણકારી નેતાઓને કે પોલીસ અધિકારીને કે જન્મદિનની શુભેચ્છા મેળવનારા નેતાઓને હોતી નથી. કારણકે જે લોકો નેતાઓ કે પોલીસ અધિકારીઓ સાથે ફોટા પડાવે છે એ લીસ્ટેડ બુટલેગર પણ હોય પછી મર્ડર કે બળાત્કારનો આરોપી પણ હોય અને અનેક નાના-મોટા ગુન્હાનો આરોપી પણ હોઈ શકે એની કોઈ જાણકારી નેતાઓને કે પોલીસ અધિકારીઓને હોતી નથી. આ બધી બાબતોથી અજાણ રહેતા નેતાઓ અને પોલીસ અધિકારીઓ સાથે ફોટા પડાવનારાઓ પછીથી એ ફોટા મોબાઈલમાં ફરતા કરે છે. વોટસએપ ડીપીમાં મૂકે છે અને અન્ય સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર મૂકી પોતાના વિસ્તારમાં કે પોતાના ગ્રુપોમાં ફરતા કરીને વટ મારવા સાથે સસ્તી પ્રસિદ્ધિ મેળવવા આવા ફોટાનો દુરુપયોગ કરતા હોય છે.

આવા સમયે નેતા, મંત્રી કે ઉચ્ચ પોલીસ અધિકારીઓ સાથે જે કોઈ વ્યક્તિ કે કાર્યકર મુલાકાત કરવા આવતા હોય ત્યારે એનો મોબાઈલ સદંતર બંધ કરાવીને ઓફિસની બહાર જાહેર સૂચના લેખિતમાં મુકાવી જોઈએ કે મુલાકાત લેનાર કોઈપણ વ્યક્તિએ પોતાનો ફોન સ્વીચ ઓફ કરીને પછી જ અંદર ઓફિસમાં કે સ્ટેજ ઉપર આવવા દેવો જોઈએ. જેથી કરી ફોટાઓનો દુરુપયોગ થતો અટકે અને સસ્તી પ્રસિદ્ધિ મેળવનારનો આ રોગ બંધ થાય. કારણ કે ઘણા કાર્યકરો ખીસ્સામાં મોબાઈલ ચાલુ રાખી રેકોર્ડિંગ કરી પછી એ રેકોર્ડિંગ જે તે વ્યક્તિને સંભળાવી નેતા કે અધિકારી સાથે અમારે રૂબરૂ વાતચીત થઈ છે એમ કહીને પણ સામેવાળા પાસેથી ગરજ નો લાભ લઈને પોતાનો ઉલ્લુ સીધો કરતા હોવાથી પણ આવા ફોટોજીવીઓ પર લગામ કસવી જરૂરી છે.

આ સાથે દેશના ગૃહમંત્રી હોય કે જે તે રાજ્યોના ગૃહમંત્રીઓની સાથે સાથે ઉચ્ચ પોલીસ અધિકારીઓએ પોતાની ગરિમા જળવાય એવા પ્રોગ્રામોમાં જ હાજરી આપવી જોઈએ. જેથી એમના હોદ્દાની ગરિમા જળવાઈ રહે અને એમનો ખોફ અને ડર જળવાઈ રહે જેથી નાના-મોટા કાર્યકરો જે એમની પોતાની સાથે આવેલા કાર્યકરોની ટોળકીને કારણે બદનામીના બટ્ટાથી દૂર રહે એ સાથે ઉચ્ચ અધિકારીની બદલી થાય કે અન્ય જગ્યાએથી બદલી થઈને આવે ત્યારે જ સ્વાગત કરી ફોટો સેશન કરવામાં આવે છે. એ પણ અતિશયોક્તિ ભર્યું બની રહ્યું છે. જેનાથી અધિકારીઓની પ્રતિષ્ઠા ઉપર પ્રશ્નો ઊભા થાય છે. એટલું જ નહીં જ્યારે પહેલાના સમયના અધિકારીઓ આવી પ્રસિધ્ધિથી દૂર રહી ફરજ બજાવતા હતા એથી એમનો પ્રભાવ અને ગુન્હેગારો ઉપર એમનો ડર અને ખોફ રહેતો હતો જે આજની તારીખમાં તદ્દન મટી ગયો છે. જેનાથી સમાજમાં પોલીસ પ્રત્યેની માનસિકતા પણ બદલાતા પ્રજાનો વિશ્વાસ પણ ડગમગી જતાં પ્રજા હવે કંટાળી પોલીસ સ્ટેશનોમાં જતાં પણ ગભરાય છે. ત્યારે આ બાબતે મંત્રીઓ અને પોલીસ અધિકારીઓએ પ્રજાના હિતમાં પણ આ બાબતે ગંભીરતા પૂર્વક વિચારવું જોઈએ.

અત્રે ઉલ્લેખનિય છે કે જે કાર્યકરો મોંઘી ભેટ આપવા માંગતા હોય એમની ભેટો લેતા પહેલા પણ વિચાર કરવો જોઈએ. જેથી બુટલેગરો કે અન્ય ગુનામાં સામેલ વ્યક્તિઓ ધ્વારા અપાતી ભેટો સ્વીકારીને પોલીસ અધિકારીઓ કે મંત્રીઓએ હાંસીને પાત્ર બનતા દૂર રહેવું જોઈએ.

### પોલીસ પણ આખરે માનવી છે

## સ્વાર્થી પુત્રોને પાપે માનો મૃતદેહ દસ કલાક પડી રહ્યો છતાં બે પુત્રોએ કાંધ ન આપતા પોલીસે કર્યા અગ્નિસંસ્કાર

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

આ હળહળતા કળીયુગમાં સગા સૌ સ્વાર્થના પણ અહીંતો મા-જાણ્યા બંને સગા ભાઈએ માની મિલકતમાં ભાગ લેવા મૃત્યુ પામેલી માતાનો મલાજો પણ ના જાળવી કાંધ આપવાની ચોખ્ખી ના પાડતા આખરે પોલીસે આવી મૃત માતાને કાંધ આપી કર્યા અગ્નિસંસ્કાર.

આ શરમજનક ઘટના ઓડિશાના બાલેશ્વરમાં બની હતી. બંસીધરદાસ અને તેમની પત્ની તુલસીદાસને ત્રણ દીકરાઓ હતા. મોટો દીકરો તો ઘણા સમયથી ગાયબ થઈ ગયો હતો, પણ બે દીકરાઓએ માતા-પિતાની જવાબદારી વહેંચી લીધી હતી. વચલા દીકરાએ પિતાની પાસે રાખ્યા જ્યારે નાના દીકરાએ માને રાખવાની જવાબદારી લીધી હતી. થોડા સમય પહેલા બંસીધરદાસનું મૃત્યુ થઈ ગયું. મંગળવારે ૨૬ મે માં એ પણ અંતિમ શ્વાસ લીધા. જો કે મા ના મૃત્યુ પછી ઘરમાં શોક ને બદલે વિવાદ શરૂ થઈ ગયો. વૈષ્ણવ પરંપરાથી જોડાયેલા હોવાથી ગામના લોકોનું કહેવું હતું કે વૃધ્ધ માં ના અંતિમ સંસ્કાર ઘરના પરિસરમાં જ કરવામાં આવે. જોકે આ મામલે મા ના નામની સંપત્તિ કોની પાસે રહેશે એ બાબતે ચર્ચા ઉખળી. બંને વચ્ચે વિવાદ એટલો વધ્યો કે સામે માનું શબ પડયુ છે એની પણ આમન્યા તેઓ ભૂલી ગયા.

બે માંથી કોઈએ માંના પાર્થિવ દેહને હાથ પણ લગાડવાની ના પાડી દીધી. ગામવાળાઓએ બંને ભાઈઓને સમજાવવાની કોશિશ કરી પણ કોઈ પરિણામ ન આવ્યું. ૧૦ કલાક સુધી પાર્થિવ દેહ એમ જ પડયો રહ્યો. આખરે પોલીસને જાણ કરવામાં આવી. પોલીસે પણ પરિસ્થિતિની નજાકતા જોઈને બે દીકરાઓને સમજાવવાની કોશિશ કરી પણ વ્યર્થ ગયું. બંને એ માની અરથીને કાંધ આપવાની પણ ના પાડી દીધી. આખરે ચાર પોલીસવાળાઓએ ગામવાળાઓની મદદથી પાર્થિવ દેહને કાંધ આપી અને અગ્નિસંસ્કાર કર્યા. જે દીકરાઓને માં એ પાળ્યા પોષ્યા એમણે જ મા ને તરછોડી દીધી.

# આજથી ગુજરાતમાં ૪ દિવસ સુધી ભારે વરસાદની આગાહી: ૩૦ મે થી ૪ જુન સુધી કડાકા-ભડાકા સાથે પડશે ભારે વરસાદ

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતના વાતાવરણમાં આગામી દિવસોમાં મોટો પલ્ટો આવવાની સંભાવના છે. રાજયના હવામાન વિભાગ દ્વારા આગામી દિવસોમાં સામાન્ય થી ભારે વરસાદની સત્તાવાર આગાહી કરવામાં આવી છે. પ્રિ-મોનસુન એકિટવીટના ભાગરૂપે આજે તારીખ ૩૦ મે થી ૪ જુન દરમિયાન રાજયના વિવિધ જિલ્લાઓમાં ભારે પવન અને કડાકા-ભડાકા સાથે વરસાદી માહોલ જામશે. આ દરમિયાન પવનની ગતિ ૪૦ થી ૪૫ કિ.મી. ની ઝડપે રહેવાની શકયતા હોવાથી તંત્ર પણ એલર્ટ થઈ ગયુ છે.આજે તારીખ ૩૦ મે ના રોજ ખાસ કરીને ગીર સોમનાથ, બનાસકાંઠા, મહેસાણા, સાબરકાંઠા, અરવલ્લી, મહિસાગર અને દાહોદ જિલ્લામાં ગાજવીજ સાથે વરસાદ પડી શકે છે. તો બીજી તરફ આવતી કાલે તારીખ ૩૧ મે ના રોજ ઉત્તર ગુજરાતની સાથે મધ્ય ગુજરાતના વિસ્તારોમાં પણ મેઘરાજાની એન્ટ્રી થશે, જેમાં સાબરકાંઠા, અરવલ્લી, મહિસાગર, દાહોદ, મહેસાણા, ખેડા, આણંદ અને પંચમહાલ જિલ્લામાં તીવ્ર પવન અને ગાજવીજ સાથે ભારે વરસાદ પડવાની સંભાવના છે. તો બીજી તરફ પહેલી જુન થી ગુજરાતના મોટા ભાગના વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે. મધ્ય અને ઉત્તર ગુજરાતના અમદાવાદ, ગાંધીનગર, ખેડા અને




મહેસાણા જિલ્લામાં વરસાદી માહોલ રહેશે, દક્ષિણ ગુજરાતના વડોદરા, ભરૂચ, સુરત, નર્મદા અને તાપી સહિતના જિલ્લાઓમાં ગાજવીજ સાથે વરસાદ તુટી પડશે, તો બીજી તરફ તારીખ ૨ જુનથી ૪ જુન દરમિયાન રાજયના કેટલાક ભાગો માટે ભારે સાબિત થઈ શકે છે. જેમાં અમદાવાદ, ગાંધીનગર, ખેડા, મહેસાણા અને પાટણ જિલ્લાના આ દિવસો દરમિયાન ભારે પવન અને ગાજવીજ સાથે ધોધમાર વરસાદ પડવાની આશંકા સેવાઈ રહી છે.

હવામાન વિભાગ દ્વારા ચોમાસાના એકંદર ચિત્રને લઈને પણ મહત્વના સંકેતો આપવામાં આવ્યા છે. દેશમાં ચાલુ વરસે સમગ્ર દેશમાં સરેરાશ ૯૦ ટકા વરસાદ પડવાની શકયતા દર્શાવવામાં આવી છે. દેશની સરખામણીએ ગુજરાતમાં ચાલુ વરસે ચોમાસુ થોડુ નબળુ રહી શકે છે. હવામાન વિભાગના અંદાજ મુજબ ચાલુ વરસે ગુજરાતમાં સામાન્ય કરતા ઓછો વરસાદ થવાની સંભાવના છે. આગામી દિવસોમાં વાવાઝોડા અને ભારે પવનની સ્થિતિને જોતા ખેડુતોને પાક સુરક્ષિત કરવા અને નાગરીકોને વિજળીના કડાકા વચ્ચે સાવચેત રહેવા તંત્ર દ્વારા અપીલ કરવામાં આવી છે.

# જેલમાંથી છુટવા માટે તથ્ય પટેલે કોર્ટમાં જમા કરાવવા પડશે ૧ કરોડ રૂપીયા

પ્રતિનિધિ,ગાંધીનગર



અમદાવાદના બહુચર્ચિત ઈસ્કોન બ્રિજ અકસ્માત કેસ ના મુખ્ય આરોપી તથ્ય પટેલને આખરે ઘટનાના પોણા ત્રણ વરસ બાદ સુપ્રિમ કોર્ટ તરફથી નિયમિત જામીન મળી ગયા છે. આ અકસ્માત બાદ થી જેલમાં બંધ તથ્ય પટેલના જામીન માટે લાંબી કાનુની લડત ચાલી રહી હતી. જેનો અંત હવે આવી ગયો છે.

જો કે સુપ્રિમ કોર્ટે જામીનનો લેખિત હુકમ કરતા પહેલા આરોપી પક્ષ સમક્ષ એક મહત્વની શરત મુકી હતી, જેના આધારે જામીન મંજુર કરવામાં આવ્યા હતા. અદાલતી કાર્યવાહી દરમિયાન સુપ્રિમ કોર્ટે તથ્ય પટેલને પોતાની બોનાફાઈડ (પ્રમાણિકતા અને પશ્ચાતાપની ભાવના ) સાબિત કરવા માટે ટ્રાયલ કોર્ટ સમક્ષ અમુક રકમ જમા કરાવવા માટે જણાવ્યુ હતું. આ બાબતે તથ્ય પટેલના વકીલે કોર્ટ સમક્ષ પ્રસ્તાવ મુકયો હતો કે ગુજરાત સરકાર વતી રજુઆત કરી રહેલા સરકારી વકીલ જ આ રકમ અંગે પોતાનો અભિપ્રાય આપે, ગુજરાત સરકારના વકીલે કોર્ટમાં રજુઆત કરતા જણાવ્યુ કે આ દુર્ઘટનામાં જીવ ગુમાવનાર પ્રત્યેક મૃતક વ્યકિત દીઠ ૧૦ લાખ રૂપીયાની રકમ નકકી કરવામાં આવે, સરકારી વકીલના આ પ્રસ્તાવ સાથે તથ્ય પટેલના વકીલ તાત્કાલીક સહમત થઈ ગયા હતા. બંને પક્ષોની સહમતી અને દલીલો સાંભળ્યા બાદ આખરે સુપ્રિમ કોર્ટે તથ્ય પટેલને ટ્રાયલ કોર્ટ સમક્ષ અંદાજે ૧ કરોડ રૂપીયાની મોટી રકમ જમા કરાવવાનો આદેશ આપ્યો હતો.

અદાલતે સ્પષ્ટ કહ્યુ હતુ કે આ એક લમ્પસમ (એક સાથે આપવાની ) રકમ છે. આ કાનુની પ્રક્રિયા વચ્ચે સુપ્રિમ કોર્ટે એ બાબતની પણ નોંધ લીધી હતી કે આરોપી તથ્ય પટેલ સામે ઈન્ડીયન પીનલ કોડ (આઈપીસી) ની કલમ ૩૦૪ (સાપરાધ મનુષ્ય વધ ) હેઠળ ગુન્હો દાખલ કરવામાં આવ્યો છે. પરંતુ હજુ સુધી કોર્ટ સમક્ષ તે આ ગુન્હામાં દોષિત સાબિત થયો નથી. આ સાથે જ કોર્ટે એ પણ ધ્યાને લીધુ હતુ કે તે છેલ્લા આશરે ૨ વરસ અને ૧૦ મહિના જેટલો લાંબો સમય જેલમાં વિતાવી ચુકયો છે. તો બીજી તરફ આ કેસની તપાસ અને કાનુની પ્રક્રિયા ખુબ જ ઝડપી ગતિએ ચલાવવામાં આવી હતી. અકસ્માતની આ ભયાનક ઘટના બન્યાના માત્ર ૭ જ દિવસમાં પોલીસ દ્વારા અમદાવાદ ગ્રામ્ય સેશન્સ કોર્ટ (ટ્રાયલ કોર્ટ) સમક્ષ ૧૬૮૪ પાનાની મસમોટી અને વિગતવાર ચાર્જશીટ ફાઈલ કરી દેવામાં આવી હતી. હાલમાં આ જ કોર્ટમાં કેસની નિયમિત ટ્રાયલ ચાલી રહી છે. જેમાં ઘટનાના મુખ્ય અને આંખો દેખ્યા સાક્ષીઓની તપાસ અને જુબાની લેવાની પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ છે. ઉલ્લેખનીય છે કે આ સમગ્ર હાઈપ્રોફાઈલ કેસમાં કુલ ૧૯૧ જેટલા સાહેદો (સાક્ષીઓ) સામેલ છે. જેમના આધારે આખી ન્યાયીક પ્રક્રિયા આગળ વધી રહી છે.

# વડોદરામાં ઈદની ખુશી માતમમાં ફેરવાઈ: મુસ્લીમ મિત્રોને ઈદ મુબારક કરવા નિકળેલા યુવકની હત્યા

પ્રતિનિધિ,ગાંધીનગર

વડોદરા શહેરના રાવપુરા વિસ્તારમાં ઈદની મોડી રાત્રે એક યુવકની કારપીણ હત્યા થતા ચકચાર મચી જવા પામી છે. ખારી વાવ રોડ પર રામ-વે પ્લાઝાની ગલીમાં ઉભેલી એક કારમાંથી યુવકનો લોહીથી લથપથ હાલતમાં મૃતદેહ મળી આવ્યો હતો. મોડી રાત્રે બનેલી આ લોહીયાળ ઘટનાને પગલે લોકોના ટોળે ટોળા ઉમટી પડયા હતા. બનાવની જાણ થતા ઉચ્ચ પોલીસ અધિકારીઓ સહિતનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. મૃતકની ઓળખ બાબુસિંહ ચૌહાણ તરીકે થઈ હતી. કેટેરીંગના વ્યવસાય સાથે સંકળાયેલા બાબુસિંહ ગુરૂવારે રાતે મુસ્લીમ મિત્રોને ઈદ મુબારક કરવા ઘરેથી નિકળ્યા હતા. રાવપુરા પોલીસે હત્યા મામલે હિરેન ઠકકર નામના શખ્સની ધરપકડ કરીને આગળની કાર્યવાહી હાથ ધરી છે. રાવપુરા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરીયાદ મુજબ મુળ રાજસ્થાનના વતની અને હાલ વડોદરાના વડસર રોડ પર આવેલી સમર્પણ સોસાયટીમાં રહેતા બાબુસિંહ લાલસિંહ ચૌહાણ છેલ્લા ૨૦ વરસથી કેટેરીંગના વ્યવસાય સાથે સંકળાયેલા હતા. તેઓ દાંડીયા બજાર વિસ્તારમાં આવેલા કાકાસાહેબના ટેકરા ખાતે શ્રીરામ પાર્સલ સર્વિસ નામની પંજાબી જમવાનુ પાર્સલનો ધંધો ચલાવતા હતા. ૨૮ મે ની સાંજે આશરે ૬ વાગે બાબુસિંહ તેમના મુસ્લીમ મિત્રોને ઈદ મુબારક કહેવા માટે ઘરેથી નિકળ્યા હતા. મૃતક બાબુસિંહના પત્ની રૂપાબેને ફરીયાદમાં જણાવ્યુ હતુ કે આશરે રાત્રે ૧૨ વાગે તેમણે તેમના પતિનો સંપર્ક કરવા ફોન કર્યો હતો. ત્યારે તેમણે જણાવ્યુ હતુ કે હું પ્રતાપ રોડ પર સંસ્થા વસાહત સામે રહેતા હિરેન ઠકકર સાથે જમવા આવ્યો છું. કેટેરીંગના ધંધા બાબતે અમારી વચ્ચે બોલાચાલી થઈ છે. તુ ફોન મુકી દે, આટલુ કહી તેમણે ફોન કાપી નાખ્યો હતો. મોડી રાત્રે આશરે ૨ વાગે પરીવારજનોને જાણ થઈ હતી કે દાંડીયા બજાર વિસ્તારમાં કાકાસાહેબના ટેકરા પાસે બાબુસિંહ ચૌહાણ ઈજાગ્રસ્ત હાલતમાં તેમની જ કારમાં પડયા છે. પરીવારજનો તાત્કાલીક સ્થળ પર પહોચ્યા ત્યારે બાબુસિંહની કાર રોડ સાઈડની સ્ટ્રીટલાઈટ ના થાંભલા સાથે અથડાયેલી હાલતમાં ઉભી હતી. કારની અંદર ડ્રાઈવીંગ સીટ પર બાબુસિંહ ચૌહાણ લોહીલુહાણ હાલતમાં મૃત પડયા હતા. તેમની છાતીના ભાગે તીક્ષ્ણ હથિયાર વડે ઘા ઝીંકવામાં આવ્યા હોવાના નિશાન મળી આવ્યા હતા. પોલીસ ફરીયાદ મુજબ કેટેરીંગના ધંધાની અદાવત અને મોડી રાત્રે થયેલી ઉગ્ર બોલાચાલી માં હિરેન ઠકકરે બાબુસિંહની હત્યા કરી નાખી હોવાની શંકા છે. હત્યા કર્યા બાદ ઘટનાને સામાન્ય માર્ગ અકસ્માતમાં ખપાવવા માટે કારને થાંભલા સાથે ભટકાવી દેવામાં આવી હોવાની પણ આશંકા વ્યકત કરવામાં આવી રહી છે. ફરીયાદના આધારે રાવપુરા પોલીસે હિરેન ઠકકરની અટકાયત કરીને સઘન પુછપરછ હાથ ધરી હતી. પોલીસના જણાવ્યા અનુસાર ઘટનાસ્થળ પરથી



મહત્વના પુરાવા એકત્ર કરવા માટે એફએસએલ અને ડોગ સ્કવોડ સહિતની ટીમોની મદદ લેવામાં આવી રહી છે. હત્યામાં હિરેશ સિવાય અન્ય કોઈ સામેલ છે કે કેમ ? તે જાણવા માટે પોલીસે આજુબાજુના સીસીટીવી કુટેજ અને મોબાઈલ ફોનની કોલ ડીટેઈલ રેકોર્ડ (સીડીઆર) પણ ખંગાળવાનુ શરૂ કર્યુ છે. મૃતક બાબુસિંહે ગુરૂવારે સાંજે સાડા છ વાગ્યાની આસપાસ તેમના પત્નીને જણાવ્યુ હતુ કે આજે ઈદ હોવાથી તેઓ તેમના મુસ્લીમ ભાઈબંધોને ઈદ મુબારક કહેવા જવાના છે. ત્યારબાદ પત્ની અને પુત્રી દુકાને ગયા હતા. રાત્રે ૯:૧૫ કલાકે પત્નીએ જમવા માટે ફોન કરતા બાબુસિંહે જણાવ્યુ હતુ કે તે જલ્દી ઘરે આવી જશે, આ દરમિયાન રાત્રે ૧૦ કલાકે પત્ની અને પુત્રી દુકાનેથી ઘરે પહોચી ગયા હતા. જો કે ત્યાં સુધીમાં પણ બાબુસિંહ ઘરે ન આવતા પરીવારે ફોન કર્યો હતો. ત્યારે બાબુસિંહે પત્નીને કહ્યુ હતુ કે જમવાનુ બનાવી રાખજે, હું આવુ છું, ત્યારબાદ રાત્રે ૧૨ કલાકે પરીવાર સાથે થયેલી છેલ્લી વાતચીત દરમિયાન બાબુસિંહે જણાવ્યુ હતુ કે તે હિરેન ઠકકર સાથે છે અને કેટેરીંગના ધંધા બાબતે બંને વચ્ચે બોલાચાલી થઈ છે. ત્યારબાદ ફોન કટ થઈ ગયો હતો. આ વાતચીતના ગણતરીના કલાકોમાં જ તેમની હત્યા થઈ હોવાનુ પત્નીએ પોલીસ ફરીયાદમાં જણાવ્યુ હતું.

### પરીણામ ભોગવવા તૈયાર રહેજો : ગેનીબેન ઠાકોર

## દિયોદરમાં કોંગ્રેસને કિલયર બહુમતી છે છતાં ભાજપને કેમ આ તાલુકા પંચાયતમાં આટલો રસ છે ?

### કોઈપણ સમયે ચુંટણી યોજાશે તો કોંગ્રેસ સંપૂર્ણ તૈયાર છે : જગદીશ ઠાકોર

પ્રતિનિધિ,ગાંધીનગર




વાવ-થરાદના દિયોદર તાલુકા પંચાયતની પ્રમુખ-ઉપ્રમુખની ચુંટણી છેલ્લા બે દિવસથી હાઈવોલ્ટેજ રાજકીય ડ્રામામાં ફેરવાઈ ગઈ છે. અગાઉ બે વાર રદ થયેલી ચુંટણી હવે આજે તારીખ ૩૦ મે ના રોજ યોજાશે, અગાઉ ૨૫ મે ના રોજ યોજાનારી ચુંટણી દરમિયાન ભાજપના સભ્યો વચ્ચે ભારે હોબાળો, બોલાચાલી અને બબાલ સર્જાતા ચુંટણી મોકુફ રાખવાની ફરજ પડી હતી તેમજ ચુંટણી અધિકારી સાથે ઉગ્ર વર્તન અને શર્ટ ખેંચાયાનો વિડીયો વાયરલ થતા સમગ્ર જિલ્લામાં રાજકીય ગરમાવો વધી ગયો હતો.

દિયોદર તાલુકા પંચાયતમાં કોંગ્રેસના ૧૨ અને ભાજપના ૧૦ સભ્યો ચુંટાઈ આવ્યા હોવા છતાં સત્તાની ખુરશી માટે ભારે રાજકીય દાવપેચ શરૂ થયા છે. આમ દિયોદરમાં ચુંટણી મામલે આખો દિવસ તાલુકા પંચાયત કચેરી ખાતે રાજકીય નાટક ચાલતુ રહે છે. આખરે આ ચુંટણીમાં ભાજપ અને કોંગ્રેસને કેમ આટલો રસ છે ? દિયોદર તાલુકા પંચાયતની ૨૨ બેઠકોમાં કોંગ્રેસ પાસે ૧૨ અને ભાજપ પાસે ૧૦ સભ્યો છે. ૧૨ સભ્યોની બહુમતીના આંકડા સાથે કોંગ્રેસ તાલુકા પંચાયત પર શાસન જાળવવાના પ્રયાસમાં છે. પરંતુ બીજી તરફ ભાજપ બહુમતી ન હોવા છતાં સત્તા મેળવવા મરણીયા પ્રયાસ કરી રહ્યુ છે.

દિયોદર તાલુકા પંચાયત કચેરી ખાતે આજે રાજકીય રણક્ષેત્રમાં ફેરવાઈ ગઈ હતી. પ્રમુખ-ઉપપ્રમુખની ચુંટણી પહેલા જ ભાજપના સભ્યો વચ્ચે થયેલી બોલાચાલીએ મામલો એટલો ઉગ્ર બનાવ્યો કે ચુંટણી અધિકારીએ આખી ચુંટણી બે વાર રદ કરવાની ફરજ પડી, ત્યારબાદ કોંગ્રેસના સભ્યો અને કાર્યકરો ભડકી ઉઠયા હતા. ચુંટણી અધિકારીનો ઘેરાવ, ગાડીની હવા કાઢી નાખવાની ઘટના, ધરણાં અને પોલીસ બંદોબસ્ત વચ્ચે દિયોદરમાં હાઈવોલ્ટેજ ડ્રામા સર્જાયો હતો.

તાલુકા પંચાયત ની સત્તા માટે ભાજપ કોંગ્રેસ વચ્ચે રાજકીય જંગ તેજ બન્યો છે. બહુમતી કોંગ્રેસની હોવા છતાં ભાજપ સત્તા મેળવવા માટે પ્રયાસ કરી રહ્યુ હોવાનો આક્ષેપ કોંગ્રેસ દ્વારા કરાયો છે. કોંગ્રેસના નેતા જગદીશ ઠાકોરે કહ્યુ હતુ કે કોંગ્રેસ ચુંટણી માટે તમામ રીતે મેદાનમાં ઉતરવા તૈયાર છે. હાઈવોલ્ટેજ રાજકીય ડ્રામા વચ્ચે અગાઉ બે વખત ચુંટણી મોકુફ થઈ ચુકી છે. તાત્કાલીક ચુંટણી યોજવાની અમારી માંગ છે. કોઈપણ સમયે ચુંટણી યોજાશે તો કોંગ્રેસ સંપૂર્ણ તૈયાર છે. તો દિયોદરમાં ચુંટણી મામલે સાંસદ ગેનીબેન ઠાકોરે એકસ પર પોસ્ટ મુકીને વાવ-થરાદ જિલ્લાના એલસીબી પીઆઈ એ પી ચૌધરી પર આક્ષેપ લગાવી કહ્યુ હતુ કે એલસીબી પીઆઈ એ પી ચૌધરી ૨૦૧૭ માં સુઈગામમાં એક તરફી કાર્યવાહી કરતા હતા. એલસીબી પીઆઈ દિયોદર તાલુકા પંચાયતના કોંગ્રેસના સભ્યોને તોડવા સભ્યોના પરીવારને ધમકી આપી રહ્યા છે, પરીણામ ભોગવવા તૈયાર રહેજો.

# અમદાવાદ-વડોદરા એકસપ્રેસ હાઈવે ચીસો થી ગુંજી ઉઠયો : હાઈવે પર ગોઝારો અકસ્માત : ૨ ના મોત

પ્રતિનિધિ,ગાંધીનગર

અમદાવાદ વડોદરા નેશનલ હાઈવે પર ગઈ કાલે ઈદની સાંજે એક ગોઝારો અકસ્માત સર્જાયો હતો. આણંદ નજીક આવેલા અડાસ બ્રિજ પાસે એક બેફામ સ્પીડે આવી રહેલી કાર શેરડીના રસના કોલામાં ધડાકાભેર ધુસી ગઈ હતી. આ ગમખ્વાર અકસ્માતમાં ૨ લોકોના ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત નિપજયા હતા. જયારે અન્ય ૩ લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. આ અકસ્માત બોટાદના ડીવાયએસપીની સરકારી કાર દ્વારા સર્જાયો હોવાનુ બહાર આવ્યુ છે.




મળતી માહિતી મુજબ અડાસ બ્રિજ નજીક હાઈવેના કિનારે એક શેરડીના રસનો કોલો આવેલો છે. જયાં કેટલાક વટેમાર્ગુઓ રસ પીવા માટે ઉભા હતા. આ દરમિયાન વડોદરાથી આણંદ તરફ આવી રહેલી બોટાદના ડીવાયએસપી એ એ સૈયદની કાર અચાનક કાબુ બહાર થઈ હતી અને સીધી જ રસના કોલામાં ઘુસી ગઈ હતી. કારની સ્પીડ એટલી વધારે હતી કે ત્યાં ઉભેલા લોકોને ભાગવાનો મોકો પણ ન મળ્યો અને ૫ લોકો કારની નીચે કચડાઈ ગયા હતા. આ અકસ્માત એટલો ભયાનક હતો કે કાર નીચે કચડાવવાને કારણે ૨ વ્યકિતઓએ ઘટનાસ્થળે જ દમ તોડી દીધો હતો. જયારે અન્ય ૩ વ્યકિતઓને શરીરે ગંભીર ઈજાઓ પહોચતા તેમને તાત્કાલીક સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. અકસ્માતને પગલે હાઈવે પર લોકોના ટોળે ટોળા ઉમટી પડયા હતા અને વાતાવતરણમાં મરણચીસો ગુંજી ઉઠી હતી. પ્રાથમિક તપાસમાં બહાર આવેલી વિગતો મુજબ અકસ્માત સર્જનાર કાર બોટાદના ડીવાયએસપી એ એ સૈયદની છે. જેઓ પોતે વિદ્યાનગર ખાતે રહે છે. તેઓ વડોદરાથી આણંદ તરફ આવી રહ્યા હતા તે દરમિયાન અચાનક ડ્રાઈવીંગ કરતી વખતે તેમને ઝોકુ આવી ગયુ હતું. આંખ મીચાતા જ કાર પરથી કાબુ ગુમાવ્યો હતો. જે આ ભયાનક હોનારતનુ કારણ બન્યો હતો. આ ઘટનાની જાણ થતા જ વાસદ પોલીસ નો કાફલો તાત્કાલીક ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પોલીસે મૃતદેહોને પીએમ અર્થે ખસેડીને આ મામલે ગુન્હો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.